વફાદારી તેમજ વચનો-કરારોનું પાલન

આ સહાબીએ રસૂલ અનસ બિન નઝર رضي الله عنه છે. કોઈ કારણસર બદ્રના યુદ્ધમાં સામેલ ન થઈ શક્યા, જેનું તેમને ખૂબ દુ:ખ હતું. આ જ તીવ્ર લાગણીમાં એક દિવસ રસૂલુલ્લાહ ﷺ ને કહ્યું : હે અલ્લાહના રસૂલ ﷺ ! હું બદ્રના યુદ્ધમાં સામેલ ન થઈ શક્યો. આ પહેલો અવસર હતો જ્યારે આપ ﷺ એ મુશ્રિકો સામે યુદ્ધ કર્યું. જો અલ્લાહ તઆલાએ આપની સાથે મુશ્રિકો સામે યુદ્ધનો બીજો કોઈ અવસર આપ્યો, તો લોકો જોશે કે હું તેમાં શું-શું કરું છું. આમ, હઝરત અનસ બિન નઝર رضي الله عنه એ પોતાની સાથે એક કરાર કર્યો - અલ્લાહના માર્ગમાં જિહાદ અને મુશ્રિકો સામે સશસ્ત્ર લડાઈનો કરાર, જેથી તેઓ જે કંઈ ચૂકી ગયા છે તેની પૂર્તિ થઈ શકે. જ્યારે ઉહદના યુદ્ધનો અવસર આવ્યો, તો તેમણે હઝરત સઅદ બિન મઆઝ رضي الله عنه ને કહ્યું કે અલ્લાહના સોગંદ ! હું જન્નત ચાહું છું અને ઉહદના પેલે પારથી મને જન્નતની ખૂશ્બૂ આવી રહી છે. પછી તેઓ યુદ્ધના મેદાનમાં કૂદી પડ્યા અને બહાદુરીના પરાક્રમો બતાવતાં શહીદીને વર્યા. તેમના શરીર પર એંશી (૮૦)થી વધારે ઘા હતા. ઈજાઓની એ સ્થિતિ હતી કે ચહેરો ઓળખી શકાય એવો રહ્યો ન હતો. તેમની બહેને આંગળીના એક નિશાનથી તેમની ઓળખ કરી. (મુત્તફિક અલયહિ) સહાબા કિરામનું માનવું હતું કે આ આયત તેમના અને તેમના સાથીઓના સંદર્ભમાં અવતરિત થઈ :

﴿مِّنَ الْمُؤْمِنِينَ رِجَالٌ صَدَقُوا مَا عَاهَدُوا اللَّهَ عَلَيْهِ فَمِنْهُم مَّن قَضَىٰ نَحْبَهُ وَمِنْهُم مَّن يَنتَظِرُ وَمَا بَدَّلُوا تَبْدِيلًا ﴿٢٣﴾﴾ الأحزاب: ٢٣

અનુવાદ : ‘‘ઈમાનવાળાઓમાં એવા લોકો મોજૂદ છે, જેમણે અલ્લાહ સાથે કરેલ કરારને સાચો કરી દેખાડ્યો છે. તેમાંથી કોઈ પોતાની માનતા પૂરી કરી ચૂક્યો અને કોઈ સમય આવવાની રાહ જોઈ રહ્યો છે. તેમણે પોતાના વર્તનમાં કોઈ બદલાવ ન કર્યો.’’ (સૂરઃ અહઝાબ, આ.૨૩)

હઝરત ખદીજતુલ કુબરા رضي الله عنها ના ત્યાગ અને બલિદાનો અનુપમ છે. તેમણે પોતાનું સર્વસ્વ રસૂલુલ્લાહ ﷺ અને આપના મિશન માટે ન્યોછાવર કરી દીધું. પોતાની જાત, પોતાનું ધન, પોતાનો પ્રભાવ અને પહોંચ બધું જ ઇસ્લામના માર્ગમાં લગાવી દીધું. રસૂલુલ્લાહ ﷺ ને દરેક પ્રકારની રાહત પહોંચાડી, આપ ﷺ ના પ્રત્યેક દુ:ખમાં તેઓ સામેલ રહ્યા. જ્યારે કોઈ ઈમાન ન લાવ્યું, તો તેઓ ઈમાન લાવ્યા. આપ ﷺ ને દરેક અવસરે સાંત્વના આપતા રહ્યા. આ જ કારણ છે કે રસૂલુલ્લાહ ﷺ તેમના અવસાન પછી પણ છેલ્લા શ્વાસ સુધી તેમનો સારા શબ્દોમાં ઉલ્લેખ કરતા રહ્યા. મહેર, પ્રેમ તેમજ વફાદારીનો જે કરાર કર્યો હતો, તેને હંમેશા નિભાવતા રહ્યા. આપ ﷺ તેમની સહેલીઓનું ધ્યાન રાખતા, તેમનો આદર કરતા, તેમને ભેટ-સોગાદ આપતા. હઝરત ખદીજા رضي الله عنها ના પરિવારનો કોઈ વ્યક્તિ જ્યારે આપ ﷺ ને મળતો, અથવા આપ ﷺ તેને જોતા, તો આપની ખુશીનો કોઈ પાર ન રહેતો. એક વાર હઝરત આઈશા رضي الله عنها એ આપ ﷺ ના હઝરત ખદીજા رضي الله عنها સાથે

અનહદ લગાવના સંદર્ભમાં આપને કહ્યું : પ્રૌઢ મહિલાનો આપ આટલા બધો ઉલ્લેખ કરો છો, જ્યારે કે અલ્લાહ ત્આલાએ આપને તેમનાથી સારી પત્નીઓ આપી છે. આપ ﷺ આ સાંભળીને ગુસ્સે થઈ ગયા અને ફરમાવ્યું : કદાપિ નહીં, અલ્લાહ ત્આલાએ તેનાથી સારી પત્નીઓ મને નથી આપી. જ્યારે લોકોએ મને ખોટો ઠેરવ્યો, તો તે મારા પર ઈમાન લાવી અને મને મારી પુષ્ટિ કરી, પોતાના ધન વડે તેણે મારી યથાસંભવ મદદ કરી, જ્યારે કે મારા પાસે કંઈ ન હતું. તેનાથી જ અલ્લાહ ત્આલાએ મને સંતાનો આપ્યા. (અહમદ) રસૂલુલ્લાહ ﷺ નો આ વ્યવહાર વચન અને વફાદારીના પાલનનું એક ચિરસ્થાયી ઉદાહરણ છે.

આપ ﷺ એ પોતાના અસ્હાબે કિરામનું એવું પ્રશિક્ષણ કર્યું હતું કે બધા સહાબા ચરિત્ર અને વ્યક્તિત્વમાં તેમજ વચન અને પ્રતિજ્ઞાના પાલનમાં અદ્વિતીય હતા. મદીનાના અન્સારમાંથી અમુક સહાબા આપ ﷺ ની સેવામાં હાજર હતા. આપ ﷺ એ તેમને સંબોધન કરતાં ફરમાવ્યું : શું તમે લોકો અલ્લાહના રસૂલથી બૈત (પ્રતિજ્ઞા) નહીં કરો ? સહાબાએ કહ્યું કે અમે આપથી ચોક્કસ બૈત કરીએ છીએ હે અલ્લાહના રસૂલ ! પણ ઈરશાદ તો ફરમાવો કે કઈ વસ્તુ પર બૈત કરીએ ? આપ ﷺ એ ફરમાવ્યું :

«عَلَـى أَنْ تَعْبُدُوا اللَّهَ وَلاَ تُشْرِكُوا بِهِ شَيْئًا وَالصَّلَوَاتِ الْخَمْسِ وَتُطِيعُوا - وَأَسَرَّ كَلِمَةً خَفِيَّةً - وَلاَ تَسْأَلُوا النَّاسَ شَيْئًا» [مسلم]

અર્થાત્, એ માટે બૈત કરો કે અલ્લાહની જ ઇબાદત કરશો, તેના સાથે કોઈને ભાગીદાર નહીં કરો. પાંચ વખતની નમાઝો પઢશો તથા અનુસરણ અને આજ્ઞાપાલન કરશો. પછી આપ ﷺ એ ધીમેથી ફરમાવ્યું કે એ માટે બૈત કરો કે તમે કોઈના પાસેથી કોઈ વસ્તુ નહીં માંગો. હઝરત ઔફ બિન માલિક رضي الله عنه ફરમાવે છે કે મેં એ બૈત કરવાવાળાઓમાંથી કેટલાકને જોયા કે તેમણે પોતાની પ્રતિજ્ઞાને એ રીતે નિભાવી કે જો તેમનો કચરો પણ જમીન પર પડી જતો, તો કોઈને પણ ન કહેતા કે જરા મારો કચરો ઉઠાવીને આપો. (મુસ્લિમ)

મદીનામાં એક વ્યક્તિ 'અરકૂબ' નામનો હતો. તેના પાસે ખજૂરના વૃક્ષો હતા, જેમાં પુષ્કળ ફળ લાગતા હતા. એક દિવસ એક જરૂરતમંદ આવ્યો અને તેણે ખજૂરો માંગી. અરકૂબે કહ્યું કે અત્યારે તો નથી, જ્યારે ફળ આવે તો આવજે. જ્યારે તે ફરીથી આવ્યો, તો અરકૂબે કહ્યું કે હજુ તો આ કાચા છે, જ્યારે પાકી જાય તો આવજે. આવી રીતે બે વાર બહાનું બનાવીને અરકૂબે ગરીબને પાછો ધકેલી દીધો. જ્યારે ખજૂરો પાકી ગઈ, તો અરકૂબે રાત્રે જ બધી ખજૂરો તોડી લીધી અને છુપાવી દીધી. સવારે જ્યારે એ ગરીબ આવ્યો, તો જોયું કે વૃક્ષો પર ખજૂરો જ નથી. બિચારો ગરીબ નિરાશ થઈને પાછો આવ્યો. અરકૂબના આ કૃત્યએ તેને આખા મદીનામાં દગાખોરના નામથી મશહૂર કરી દીધો, ત્યાં સુધી કે દગાખોરીમાં તેનું નામ કહેવતરૂપ બની ગયું.

વફાદારી અને વચનનું પાલન એક મહાન ગુણ છે. કરાર અને પ્રતિજ્ઞાને પૂરી કરવી, કરેલા વાયદાઓને પૂરા કરવા અને સુપ્રત કરેલ જવાબદારીઓને અદા કરવી એ એવો ગુણ છે, જેની પ્રશંસા દરેક યુગમાં અને પ્રત્યેક

www.uzairfalahi.com

સમાજમાં કરવામાં આવેલ છે. અલ્લાહ તૂઆલાએ મનુષ્યોને, વિશેષરૂપે મુસલમાનોને આ ગુણથી પોતાને અલંકૃત કરવાનો આદેશ આપ્યો છે :

﴿ وَأَوْفُوا۟ بِٱلْعَهْدِ ۖ إِنَّ ٱلْعَهْدَ كَانَ مَسْـُٔولًا ﴿٣٤﴾ ﴾ الإسراء: ٣٤

અનુવાદ : ''વચનનું પાલન કરો, નિઃસંદેશ વચન વિશે તમારે જવાબ આપવાનો છે.''

(સૂરઃ ઈસરા, આ.૩૪)

બીજી જગ્યાએ ફરમાવ્યું :

﴿ وَأَوْفُوا۟ بِعَهْدِ ٱللَّهِ إِذَا عَـٰهَدتُّمْ ﴿٩١﴾ ﴾ النحل: ٩١

અનુવાદ : ''અને જ્યારે વચન આપો, તો તેનું પાલન કરો.'' (સૂરઃ નહ્‌લ, આ.૯૧)

અલ્લાહથી વફાદારી :

અલ્લાહથી વફાદારીનો અર્થ એ છે કે અલ્લાહ અને માનવી વચ્ચે જે કોલ-કરાર છે, માનવી તેને પૂરો કરે. તે કોલ-કરાર એ છે કે માનવી કેવળ અલ્લાહની ઈબાદત કરે. માત્ર તેનું જ અનુસરણ અને આજ્ઞાપાલન કરે. તેમાં કોઈને પણ અંશમાત્ર ભાગીદાર ન બનાવે. આનો જ ઉલ્લેખ કુર્આનમાં આ પ્રમાણે છે :

﴿ أَلَمْ أَعْهَدْ إِلَيْكُمْ يَـٰبَنِىٓ ءَادَمَ أَن لَّا تَعْبُدُوا۟ ٱلشَّيْطَـٰنَ ۖ إِنَّهُۥ لَكُمْ عَدُوٌّ مُّبِينٌ ﴿٦٠﴾ وَأَنِ ٱعْبُدُونِى ۚ هَـٰذَا صِرَٰطٌ مُّسْتَقِيمٌ ﴿٦١﴾ ﴾ يس: ٦٠ - ٦١

અનુવાદ : ''હે આદમની સંતાન ! શું મેં તને નિર્દેશ ન હતો કર્યો કે શૈતાનની બંદગી ન કરો, તે તમારો ખુલ્લો દુશ્મન છે, અને મારી જ બંદગી કરો, આ જ સીધો માર્ગ છે.'' (સૂરઃ યા-સીન, આ.૬૦-૬૧)

માનવીની પ્રકૃતિમાં 'વહદાનિયત' (એકેશ્વરવાદ) મૂકી દેવામાં આવેલ છે. માનવીની સાલસ પ્રકૃતિ અલ્લાહને માન્યા વગર રહી જ શકતી નથી. અલ્લાહના અસ્તિત્વનો એકરાર અને તેના ગુણો પર ઊંડો વિશ્વાસ માનવીય બુદ્ધિનો તકાદો છે. તેનો ઈન્કાર સ્વયં પોતાનો ઈન્કાર છે. સમગ્ર સૃષ્ટિમાં અલ્લાહની નિશાનીઓ પોકારી-પોકારીને કહી રહી છે કે મારો કોઈ સર્જનહાર છે, સ્વયં માનવીનું અસ્તિત્વ એ વાતની દલીલ છે કે આ બધું આમ જ, અનાયાસ પેદા નથી થઈ ગયું. આ સૃષ્ટિની વ્યવસ્થા માનવીની જરૂરતોની પૂર્તિ માટે એટલી સુદૃઢ કરવામાં આવી છે કે જો તમામ સર્જનોથી માનવીને અલગ કરી દેવામાં આવે, તો બધું જ નિરુદ્દેશ્ય અને નિરર્થક બની જાય. જ્યારે બધાનો ઉદ્દેશ્ય માનવીની સેવા કરવાનો છે, તો પ્રશ્ન એ ઊભો થાય છે કે માનવીને કોના માટે બનાવવામાં આવ્યો છે ? કુર્આન આના વિશે આ બતાવે છે :

www.uzairfalahi.com

﴿ وَمَا خَلَقْتُ ٱلْجِنَّ وَٱلْإِنسَ إِلَّا لِيَعْبُدُونِ ﴾ ٥٦ الذاريات: ٥٦

અનુવાદ : ''મેં માનવી અને જીનને માત્ર મારી ઈબાદત માટે પેદા કર્યા.'' (સૂરઃ ઝારિયાત, આ.૫૬)

હવે જો માનવી અલ્લાહની ઈબાદત અને આજ્ઞાપાલનથી ઈન્કાર કરે, તો તેનો અર્થ એ થયો કે તે પોતાના અસ્તિત્વના હેતુનો ઈન્કાર કરી રહ્યો છે. અલ્લાહ તઆલાએ સૃષ્ટિ-સર્જનના આરંભમાં જ માનવી પાસેથી 'અલસ્તુ'નું (અલ્લાહ જ તેનો રબ છે એવું) વચન લીધું હતું. અલ્લાહ સાથે વફાદારીનો અર્થ એ જ છે કે માનવી આ વચનને પૂરું કરે. જો માનવી એવું નથી કરતો, તો જાણે પોતાના દુશ્મન – કાયમી અને શાશ્વત દુશ્મન – શૈતાનના પદ-ચિહ્નોનું અનુકરણ કરી રહ્યો છે. અનિવાર્યરૂપે આવા વ્યક્તિને બેવફા, વિશ્વાસઘાતી, દગાખોર અને બળવાખોર કહેવામાં આવશે.

પરસ્પર વચન અને કરારનું પાલન :

ઈસ્લામ કરાર અને વચનના પાલનનો આદેશ આપે છે. જ્યારે બે વ્યક્તિઓ વચ્ચે કે પક્ષકારો વચ્ચે કોઈ કરાર થઈ જાય અને શરતોને સ્વીકારી લેવામાં આવે, તો તેનું પાલન કરવું આવશ્યક બની જાય છે. એક મુસલમાન પોતાના તરફથી શરતોનું ઉલ્લંઘન નથી કરતો. રસૂલુલ્લાહ ﷺ એ સુલેહ હુદૈબિયામાં જ્યારે કાફિરો અને મુશ્રિકોથી સુલેહ કરી અને શરતોનો સ્વીકાર કરી લેવામાં આવ્યો, તો આપ ﷺ એ તેનું છેલ્લી હદ સુધી પાલન કર્યું. ક્યારેય તેનું ઉલ્લંઘન ન થવા દીધું, ત્યાં સુધી કે મક્કાના કાફિરોએ સ્વયં તેને તોડી ન નાખી. એક મુસલમાન હંમેશા વચન અને કરારને પ્રતિબદ્ધ અને સુલેહ-સંધિને પૂરી કરવાવાળો હોય છે. (બુખારી) હા, ઈસ્લામમાં એવા વાયદાને પૂરો કરવો, બલ્કે એવો વાયદો કરવો જ જાઈઝ નથી, જેમાં અલ્લાહ અને તેના રસૂલની અવજ્ઞા અનિવાર્ય થતી હોય. ન આવો વાયદો કરવો જોઈએ અને ન તો તેનું પાલન કરવું જોઈએ.

માપ-તોલમાં વફાદારી :

સામાન્ય રીતે એ વાત પ્રચલિત છે કે જ્યારે કોઈ કોઈ વ્યક્તિને માપીને કે તોલીને કોઈ વસ્તુ આપે, તો પૂરેપૂરું માપે અને પૂરેપૂરું તોલે. આ એક સામાજિક કરાર અને સંધિ સમાન છે. મુસલમાન આનો પાબંદ હોય છે. તે ધોકો આપીને ઓછું માપી શકતો નથી અને ન તો આંખ બચાવીને ડંડી મારી (હાથચાલાકી) શકે છે. જો આવું કરે છે, તો જાણે તે વચન અને કરારનું ઉલ્લંઘન કરી રહ્યો છે, અને આ સરાસર અલ્લાહ તઆલાની અવજ્ઞા છે. અલ્લાહનો ઈરશાદ છે :

﴿ أَوْفُوا۟ ٱلْمِكْيَالَ وَٱلْمِيزَانَ بِٱلْقِسْطِ ۖ وَلَا تَبْخَسُوا۟ ٱلنَّاسَ أَشْيَآءَهُمْ ﴾ ٨٥ هود: ٨٥

અનુવાદ : ''બરાબર ન્યાયની સાથે પૂરેપૂરું માપો અને તોલો, અને લોકોને તેમની વસ્તુઓમાં ઓછું ન આપો.''
(સૂરઃ હૂદ, આ.૮૫)

www.uzairfalahi.com

નઝ્ર (માનતા)ને પૂરી કરવી :

નઝ્ર એ છે કે વ્યક્તિ અલ્લાહના આજ્ઞાપાલનમાં રહીને કોઈ કાર્યને કરવાની પ્રતિજ્ઞા કરે. આ જાણે અલ્લાહ તઆલાની સાથે એક પ્રકારનો કરાર છે. સ્પષ્ટ છે કે વ્યક્તિએ અલ્લાહની સાથે કરેલ વાયદાને પૂરો કરવો જોઈએ કે એ જ સૌથી વધારે હક્કદાર છે કે તેને આપેલ વચનને પૂરું કરવામાં આવે. આ જન્નતવાસીઓનો એક ગુણ છે. કુર્આનમાં છે :

﴿ يُوفُونَ بِالنَّذْرِ وَيَخَافُونَ يَوْمًا كَانَ شَرُّهُ مُسْتَطِيرًا ﴿٧﴾ ﴾ الإنسان: ٧

અનુવાદ : ''આ એ લોકો છે, જેઓ દુનિયામાં નઝ્રો (માનતાઓ)ને પૂરી કરે છ, જેની આફત દરેક બાજુ ફેલાશે.'' (સૂરઃ ઇન્સાન, આ.૭)

નઝ્ર માનતી વખતે એ વાતનું ધ્યાન રાખવામાં આવે કે તે ભલાઈ માટે માનવામાં આવી હોય અને તેમાં ન કોઈ અવજ્ઞા અને બૂરાઈ હોય અને ન તો શિર્ક (એક અલ્લાહ સિવાય બીજા કોઈની બંદગી) અને બિદ્અત (દીનમાં વધારાની વાત) હોય. જો આવું છે, તો તે માનતાને પૂરી કરવી ખોટું છે.

વચનનું પાલન કરવું :

વચનનું પાલન કરવું એક શિષ્ટ આદત અને સારો ગુણ છે. ઇસ્લામ દરેક સારો ગુણ પોતાને માનવાવાળામાં જોવા માગે છે. વચન-ભંગને અલ્લાહના રસૂલ ﷺ એ મુનાફિકો (દંભીઓ)ની નિશાનીઓમાંથી એક નિશાની બતાવી છે. ફરમાવ્યું :

«آيَةُ الْمُنَافِقِ ثَلَاثٌ إِذَا حَدَّثَ كَذَبَ ، وَإِذَا وَعَدَ أَخْلَفَ ، وَإِذَا اؤْتُمِنَ خَانَ» [متفق عليه]

અર્થાત્, મુનાફિકની ત્રણ નિશાનીઓ છે : જ્યારે બોલે તો જૂઠ બોલે, જ્યારે વાયદો કરે તો તેનું ઉલ્લંઘન કરે અને જ્યારે તેને અમીન (અમાનતદાર) બનાવવામાં આવે તો અપ્રમાણિકતા આચરે. (મુત્તફિક અલયહિ)

વફાદારી એક પ્રશંસનીય ગુણ છે. તેનાથી વિપરીત વિશ્વાસઘાત અને દગો તેમજ વચન-ભંગ નિંદનીય લક્ષણ છે. અલ્લાહ તઆલા વિશ્વાસઘાત અને દગો કરનારને અપ્રિય ઠેરવે છે. ફરમાવ્યું :

﴿ إِنَّ اللَّهَ لَا يُحِبُّ الْخَائِنِينَ ﴿٥٨﴾ ﴾ الأنفال: ٥٨

અનુવાદ : ''અલ્લાહ તઆલા વિશ્વાસઘાતીઓ અને દગાખોરોને પસંદ કરતો નથી.'' (સૂરઃ અન્ફાલ, આ.૫૮)

બીજી જગ્યાએ ફરમાવ્યું :

www.uzairfalahi.com

﴿ٱلَّذِينَ يَنقُضُونَ عَهْدَ ٱللَّهِ مِنۢ بَعْدِ مِيثَٰقِهِۦ وَيَقْطَعُونَ مَآ أَمَرَ ٱللَّهُ بِهِۦٓ أَن يُوصَلَ وَيُفْسِدُونَ فِى
ٱلْأَرْضِ ۚ أُو۟لَٰٓئِكَ هُمُ ٱلْخَٰسِرُونَ ﴿٢٧﴾ ﴾ البقرة: ٢٧

અનુવાદ : ''અલ્લાહના કરારને મજબૂત રીતે બાંધી લીધા પછી તોડી નાખે છે. અલ્લાહે જેને જોડવાનો આદેશ આપ્યો છે તેને કાપી નાખે છે અને ધરતી પર બગાડ અને ઉપદ્રવ પેદા કરે છે. હકીકતમાં આ જ લોકો નુકસાન ઉઠાવવાવાળા છે.'' (સૂરઃ બકરહ, આ.૨૭)

વચન-ભંગ અને વિશ્વાસઘાત, કોલ-કરારથી ફરી જવું એ યહૂદીઓના સામાજિક લક્ષણો રહ્યા છે. શું ઉમ્મતે-મુસ્લિમા (મુસ્લિમ સમુદાય)નો કોઈ વ્યક્તિ આવા કૃત્યો અને કરતૂકોનું આચરણ કરીને 'યહૂદી' જેવા બનવાનું પસંદ કરશે ? અઊઝુ બિલ્લાહિ-મિનશ્-શઇતાનિર્-રજીમ. (તિરસ્કૃત અને ધિક્કાર પામેલ શૈતાનથી અલ્લાહનું શરણ).

–●–

www.uzairfalahi.com